॥ ૐ તત્સત્ પરમાત્મને નમઃ ॥

શ્રી

સંગીત ભજન ભંડાર

શ્રી ઉમરેઠ ભજન મંડળીમાં ગવાતાં

ભજનોનો સંગ્રહ કરી

મંડળના ગુરૂશ્રીની આજ્ઞાથી પ્રસિદ્ધ કરનાર

શા. મોહનલાલ મગનલાલ

ઉમરેઠ

તથા

શા. નાથાલાલ ગરબડદાસ

ઉમરેઠ

કીંમત બે આના

॥ ॐ તત્સત પરમાત્મને નમઃ ॥

શ્રી

સંગીત ભજન ભંડાર

શ્રી ઉમરેઠ ભજન મંડળીમાં ગવાતાં
ભજનોનો સંગ્રહ કરી

મંડળ તરફથી છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. મોહનલાલ મગનલાલ
ઉમરેઠ
તથા
શા. નાથાલાલ ગરબડદાસ
ઉમરેઠ

કીંમત બે આના

મળવાનાં ઠેકાણાં—

શા. ભોગીલાલ મોહનલાલ
મેનેજર—શ્રી ઉમરેઠ ભજન મંડળ
વડાબજાર—**ઉમરેઠ.**

શા. મંગલદાસ મનસુખદાસ
કાપડના વેપારી, ઓડ બજાર—**ઉમરેઠ.**

દોશી ચંદુલાલ કેશવલાલ અનાજના વેપારી
લક્ષ્મીજીની પોળ સામે—**ડાકોર**

આવૃત્તી પહેલી — સંવત ૧૯૮૪
પ્રત ૧૦૦૦ — સને ૧૯૨૮

ઉમરેઠ ભટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસમાં
રતીલાલ બાળકૃષ્ણ ત્રિવેદીએ છાપ્યું અને શા. મોહનલાલ
મગનલાલે ઉમરેઠમાંથી પ્રગટ કર્યું.

॥ श्री कृष्णाय नमः ॥

બે બોલ

મનુષ્ય યત્ન ઇશ્વરકૃપાઃ

જ્યારે કોઈ વાત પોતાના અનુભવની હોય ત્યારે તેને માટે પ્રમાણ શોધવા જવું પડતું નથી. અમારા સ્નેહી શ્રી. દેવશંકર રામચંદ્ર ઉર્ફે શનીભાઈ હરીહર ભકત તથા શા. નાથાભાઈ ગરબડદાસ કેટલાક સમયથી અમોને ભજન મંડળી સ્થાપવાનો આદેશ કર્યા કરતા હતા. અમારૂં મોળાપણું એટલી તિવ્રતાની હદે પહોંચ્યું કે તે મહાનુભાવોએ અમને કહેવાનુ છોડી દીધું. ગમે તેમ કહો પણ તેમના આ વર્તને અમારા હૃદયમાં રોપાયલાં બીજનો ફણગો ફૂટયો અને વિચાર અમલમાં મુકવા જેટલી પ્રબળતા ઉદ્ભવી. હૃદય–એ એક અનુભવ અને વિચારોનું સંગ્રહસ્થાન છે. તેનો અમોને અનુભવ થતાં સં. ૧૯૮૩ ના શ્રાવણ સુદ ૧૧ ના રોજ શ્રી ડાકોર મુકામે પ્રથમથી જ સ્થપાયેલી ભજનમંડળી કે જે ગામથી થોડે દૂર ગોમતીને કીનારે તુળસીવાડી ઉર્ફે કદમવાડીના નામથી ઓળખાતા સ્થાનમાં દરેક એકાદશીની રાત્રે હરિ સ્મરણ કરવા જાય છે ત્યાં જવાનો વિચાર ઉત્પન્ન થયો અને કુદરત સાનુકુળ હોવાથી ગયા પણ ખરા.

જો હૃદય દૃઢ ન હોય તો કદી ન જોયેલા સ્થાનમાં રસ્તાની દુર્દશા, પાણીના મારાથી ભરાયલાં ખાબોચીયાં ઘાસ

અને વિકટતાથી પાછા ફર્યાં હોત ! પણ જવું જ એ નિશ્ચય બળ ઉપર દરેકને શ્રદ્ધા હોવાથી ગમે તેવા વિકટ પ્રસંગોની પરવા ન રાખતાં નિયત સ્થાને પહોંચ્યા જ. કાચા હૃદયના માણસો અડધેથી જ પાછા ફરે એવી ભયાનકતાનો ભાષ થતો, પણ નિશ્ચય બળ એક અનેરી વસ્તુ છે કે જે ખુદ પ્રભુને પણ સામે આવવાની ફરજ પાડી શકે છે.

દરેક પ્રસંગો એવા જ અનુભવાય છે કે દુઃખ પછી સુખ. અને આ કીસ્સામાં પણ તેમજ બન્યું. આટલી વીકટતા પસાર કર્યા પછી અમો તુળસીવાડીમાં આવ્યા ત્યાં આવેલી મહારાજની મઢુલી જોઇ અને ત્યાંની રમણીયતાથી આનંદ પામ્યા. ભજન કરવા જે જગ્યાએ બેસવાનું તે કેટલું સ્વચ્છ અને સુન્દર ? દશવાગે ભજન શરૂ થયું, અમે પણ આવા પ્રસંગે દૂર રહી શકયા નહિ અને ભજનમાં જોડાયા રાત્રી આનંદમાં પસાર કરી સવાર થતાં પાછા ફર્યા. પણ કેવી રીતે ? ઉમરેઠ જઇ તુર્ત જ ભજનમંડળી સ્થાપવાની ભાવના અને પ્રબળ ઇચ્છા સાથે. અને તે હરીહર ભકતના અંતરાનંદનો અમને ત્યારે ખ્યાલ આવ્યો કે જે આનંદ તેઓ લેતા તે આનંદનો લાભ અમને પણ મળે તે હેતુથી તેમણે જે બીજ રોપણ કરવાનું જારી રાખેલું તે આજના પ્રસંગે સત્ય સ્વરૂપમાં સમજાયું. અને અમોએ સંવત ૧૯૮૩ ના શ્રાવણ વદી એકાદશીના રોજ ઉમરેઠ

ગામના છેડે આવેલા તળાવ સામે શ્રી રણછોડરાયજી મહારાજની બેઠક ઉર્ફે ઓળખાતાં પગલાં કે જ્યાં શ્રી રણછોડરાયજી મહારાજના ઉપિયોગાર્થે વિશાળ જગો રોકી બગીચો બનાવેલો છે, અંદર બે ત્રણ મકાનો, એક કુવો પણ છે તેવી રળિઆમણી જગાએ ભજન મંડળીની સ્થાપના કરી. આ ભજન મંડળી કુલ ૩૫ સભ્યોથી સ્થપાયલી છે. આ ભજનમંડળીનો મુખ્ય હેતુ કેવળ દરેક એકાદશીની રાત્રિએ પૂર્ણ પુરૂષોત્તમ પરિબ્રહ્મ એવા શ્રી કૃષ્ણચંદ્ર ભગવાનને યાદ કરવા તેટલો જ છે. તે સ્થાને એકાદશીએ ઘણા માણસો પ્રભુ ભજન કરવા આવે છે.

ખેડાની ભજનમંડળીના મહાત્મા શ્રી પરમાનંદ પાગલ મહારાજ ઘણો વખત અમોને પોતાના વચનામૃતનું પાન કરાવી ગયા છે અને અમોને ઘણો આનંદ આપ્યો છે.

મહાત્મા પુરૂષોનો જન્મ આ ભવાબ્ધિમાં કેવળ લોક કલ્યાણાર્થે હોય છે. તેનો પ્રત્યક્ષ અનુભવ અમોને થયો છે. તેઓ શ્રી જ્યારે અત્રે પધારે છે ત્યારે અમોને જરૂર યાદ કરે છે અને કંઈને કંઈ લાભ આપે છે. અમો તેઓશ્રીનો તન મનથી ઉપકાર માનીએ છીએ.

ડાકોર ભજનમંડળી અને તુળશીવાડી જેવા રમણીય સ્થાનથી અમો જે ઉત્સાહી બન્યા છીએ અને અમારી વૃતિઓને સ્ફુર્તિ મળી છે તેથી અમો તે મંડળીનો ઉપકાર માનીએ છીએ.

મહા પુરૂષોની પ્રસાદી-કૃપા આ ભવસાગરને તરવા એક સાધનરૂપ હોવાથી ભાવિક ભક્તજનો આ ભજન ભંડાર કે જેની અંદર અમારી ભજન મંડળીમાં ગવાતાં મુખ્ય મુખ્ય ભજનો જે મહાપુરૂષોની વાણીરૂપ કેવળ પ્રભુના ગુણાર્વિંદ માટે કરેલો તે તથા અમારી ભજન મંડળીના સભ્યોનાં બનાવેલાં તે બંનેનો સંગ્રહ અહર્નિશ પોતાની સન્નિધિ રાખી કંઇક પ્રયાસ કરશે તો આ ભજન મંડળીનો આ પુસ્તક છપાવ્યાનો શ્રમ સફળ થયો મનાશે.

ઉમરેઠ આષાઢ કૃષ્ણ પક્ષ એકાદશી સમ્વત ૧૯૮૪ } **મોહનલાલ મગનલાલ શાહ.** કાપડવાળા

અનુક્રમણિકાઃ-

શ્લોક

રાધા કૃષ્ણેતિ હે ગોપયે જપંતિ પુનઃ પુનઃ ।
ચતુષાદાર્થં કિંતેષાં સાક્ષાત્કૃષ્ણો પિલભ્યતે ॥

શ્રી ગર્ગ સંહિતા

અર્થ:—હે ગોપ ? રાધા કૃષ્ણ રાધા કૃષ્ણ એ પ્રકારે જે કોઇ વારંવાર જપે છે. તેને ધર્મ, અર્થ કામ, મોક્ષ, કંઇ પણ દુર્લભ નથી પરંતુ જે સાક્ષાત્ શ્રી કૃષ્ણ છે તે પણ પ્રાપ્ત થાય છે.







શ્રી ઉમરેઠ ભજનમંડળીમાં
ગવાતાં ભજનો.

ભજન. (સાખી)

દુંદાળો દુઃખ ભંજનો, સદાયે બાળે વેશ
પ્રથમ પહેલો સમરીયે, ગવરી પુત્ર ગણેશ.
સીયાવર રામચંદ્રકી જે.

ગવરી તારા પુત્રને, વીનવું વારંવાર,
સકળ વિશ્વ ત્રિલોકમાં, પ્રથમ પુંજા થાય. ,,

આસન લીજીયે પ્રેમના, પધારો પ્રભુ દયાળ
ગુણ ગાઉં હું તમતણા, આવી સ્વીકારો મોરાર ,,

ભજન ૧

લાગે સૌથી રૂપાળો શામળોજી
શીરે ઓઢે છે કાળો કામળોજી
વાલો ધેનું ચરાવે વનમાંજી
તોય બેઠો છે મારા તનમાંજી
એ.......બંસી બજાવી, તાન તીખા સુણાવે
ચીત્ત ચોરી લીયે છે, એ નંદ કુંવરજી   લાગે.

ભજન ૨

જય જય નોધારાના આધારારે,
સીતાપતી છો પ્રાણ હમારા,
હાંરે રઘુપતી છો પ્રાણ હમારા,
એ.......જન્મ થતા પહેલાં, પડયો ધરણી માંહ્ય,
પ્રભુ દેખાડી દુધની ધારા,
હાંરે પ્રભુ દેખાડી દુધની ધારા.
અગ્નીની હોળીથી હમને ઉગાર્યા પ્રભુ, (૨)
એવા જઠરાથી જાળવનારા રે,
સીતાપતી છો પ્રાણ હમારા.
એ.......નારદ સારદ વ્યાસ વીષારદ,
ગાવે સદા ગુણ તારા,
હાંરે પ્રભુ ગાવે સદા ગુણ તારા.

સુખ કરનારા દુઃખ હરનારા, (૨)
એવા અવીધર ઉર વસનારારે,
સીતાપતી છો પ્રાણ હમારા.

ભજન ૩

ઓ મોહન મારા, વીનતીના ઉરથી વીસારોજી
ઓ પ્રીતમ પ્યારા, સમજુને સહેજ ઇસારોજી,
મુજ અપરાધો ગણુતાં મોહન, આવે નહી કંઇ આરોજી
બાંહ્ય ગ્રહો બળવંતા બેલી, આવી આપ ઉગારોજી
—ઓ મોહન મારા.

ગીધ ગુણીકા ગજ સર્વે તાર્યા, પ્રેમે સુણી પોકારોજી,
એથીં અધમ કૃતિ હોય અમારી, તોપણ ત્રીકમ તારોજી
—ઓ મોહન મારા.

કામી કુટીલ ક્રોધી કપટી છું, ઉરમાં આપ વિચારોજી,
આ ભવ દરીયો, દુઃખનો ભરીયો, બાંહ્ય ગ્રહીને તારોજી
—ઓ મોહન મારા.

દયા ધણી છો ધરણી ધરજી, અરજી ઉરમાં ધારોજી.
અમી ધરજી સુખ કરજો સ્વામી, શરણુ પડયાને તારોજી
—ઓ મોહન મારા.

ભજન ૪

મીઠી મીઠી મધુરી વેણુ વાગે,
સુણી મારા ચીતડામાં ચટપટી લાગે,
મધ રાત્રે વેરણુ થઇને બોલે,
સુણી મારા તનડાના તાર સહુ ડોલે.
જરા લાગે મીઠું તાન, ત્યાં હું થાઉં બેભાન,
ગાતાં બજાવતાં કાન, મારો તરફડે છે જાન—મીઠી મીઠી

સાખી

ટહુ ટહુ ટહુકા નાખતી, કરતી ઘણો ગુંજાર
પવનથી રતી પાડતી, કાળજડામાં સાર.
હાંરે મને એના વીના નવ ચાલે,
મળે મન ના મોહુન, તો તો થાએ આનંદ–મીઠી મીઠી.

ભજન ૫

પ્યારા ગોવિંદ ગુણ ગાશું, રાણાજી હમે પ્યારા ગોવીંદ ગુણ ગાશું
ચરણામૃતનો નિયમ હમારે, નિત્ય ઉઠી મંદિર જાશું–રાણાજી
રાણોજી રૂઠશે તો રાજ તજાવશે, ભગવાન રૂઠે તો મરી જાશું „
ઝેરના પ્યાલા રાણાજીએ મોકલ્યા, અમૃત ગણીને પી જાશું „
રામના નામની ઝાઝ બનાવી, તેમાં બેસીને તરી જાશું „
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ ચરણ કમળ વારી જાશું „

ભજન ૬

તમને રીસ ઘણેરી ચડશે રાજ, કાના કહેવું પડશે.
માસીને તમે હાથે મારી, મામાનું મુળ કાઢયું.
મામા કેરૂં ધન જ આવ્યું, (૨) દ્વારાપુર વસાવ્યું રાજ—કાના.
પાંડવ જ્યારે થયા તમારા, બહુ વાતે વણસાડયા,
કૌરવને નગરમાં રાખી (૨) પાંડવ વનમાં કાઢયા રાજ—કાના.
દ્રૌપદ સુતાએ તમને ભજ્યા, તેને મહા સોકવાન કીધી,
પાતળીયાજી પાસે રહીને, (૨) તેની લાજો લીધી રાજ—કાના.
સગાળશા શેઠે જ્યારે સદાવ્રત બાંધ્યું ત્યારે પારખું લેવા ધાયા,
કુંવર કેલૈયો હાથે મરાવ્યો, (૨) એવા કપટી કહેવાયા રાજ—કાના.
પ્રહુલાદજીએ જ્યારે પ્રતિજ્ઞા લીધી ત્યારે, નરસીંહ રૂપજ ધાર્યો
ફાટયો સ્થંભ ને પ્રગટયા મોરારી, હીરણાકસ્યપુ માર્યો રાજ—કાના.

ભજન ૭

તમારો ભરૂંસો મને ભારીરે,
હો રામ રાજા તમારો ભરૂસો મને ભારી.
જળથી ડુબતો સ્વામી, ગ્રજેંદ્ર ઉગાર્યો વહાલા,
ગ્રાહને નાખ્યો રામ મારી રે. હો રામરાજા.
પ્રહુલાદ કારણ સ્વામી, સ્થંભેથી પ્રગટયા વહાલા
હીરણ્યકશ્યપુ નાખ્યો મારી રે. હો રામરાજા.

લાખાભુવનમાં સ્વામી, પાંડવ ઉગાર્યા વહાલા,
રાખી નાસવા રામ બારી રે. હો રામરાજા.
જુનાગઢમાં સ્વામી, ભણે નરસૈંયો વહાલા,
હેતેથી હુંડીઓ સ્વીકારીરે. હો રામરાજા.
બાઈ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ વહાલા,
ચરણ કમળ બલીહારી રે. હો રામરાજા.

ભજન ૮

તું તો હાલને મારે છેતર રે હો કરહનીઆ,
કરહુનીઆરે મને દરહન દે જે આરની રહી છું તાચી,
તારે ને મારે હગપણ હાચૂં, એ તો જાણે જહોદા કાચી
—રે હો કરહનીઆ
ઝા ઝા ઘીમાં મેં તો ખીચડો રાંધ્યો, માંહી મગ ચોળો નાંછયો,
આપણ બે જણ ભેળા રે જમહું, ઓલ્યા છોરાં ઉરાડહે માંછયો
—રે હો કરહનીઆ
હામે હેઠડે બોરડી વાવી, તેનાં મેઠાં મેઠાં બોરાં,
આપન બેઉ જણ બોરાંરે વેણહું, ઓલ્યાં છોરાં તે ચારહે ઢોર
—રે હો કરહનીઆ

નવા ઘઉંનો મેં તો પુંક જ પાડયો, માળા હેઠળ મુચ્યો.
કરહુનીઆરે મેં તો તારે કારણુ હળવે હળવે પુંચ્યો
—રે હો કરહુનીઆ.

મારા છેતરમાં કાળીંગડી વાવી, તેની લાંબી લાંબી લુમો,
કરહુનીઆરે તું તો છાંનોમાંનો આવજે, અલ્યા રખેને પાડતોબુમો
—રે હો કરહુનીઆ.

કરહુનીઆરે મને હેત કરીને, દાડી દાડી દરહુન દેજે.
મહેતા નરસૈયાના સ્વામી શામળીઆ તારે જોઈએ તે માગી લેજે
—રે હો કરહુનીઆ.

ભજન ૯

હૈયાના પુટયા હરિ સંગે હેત ન કીધું,
લખચોરાશી કેરૂં લગડું, (૨) માથે વ્હોરી લીધું રે–હૈયાના.
પેટ અર્થે પાપ કરતાં પાછું ફરી નવ જોયું,
ચાર દિવસના જીવતર સારૂં (૨) મન માયામાં મોહ્યું રે–હૈયાના.
જન્મ મરણુ દુઃખ ગર્ભવાસનું, તે નવ સકીયો ટાળી,
માત પીતા યુવતી સુત સંગે, (૨) વીસાર્યા વનમાળીરે–હૈયાના.
આળસને અજ્ઞાન અતિશય, કામ બગાડે તારૂં,
દેવાનંદ કહે દેખ વિચારી, (૨) માન કહ્યું તું મારૂં રે–હૈયાના.

ભજન ૧૦

જે પ્રભુને પ્રેમે ભજશે, તે સ્હેજે ભવજળ તરશે,
માટે ચેતો પ્રભુ ભજ્યામાં સાર છે.

પુત્રને પરિવાર તે કામ ન લાગે લગાર માટે ચેતો
મારૂં મારૂં કરતાં, દીઠાં વ્હાલાં કંઇ મરતાં ,,
ક્રોડાધીપતિ કહાવે, પણ પાઈ ન પાસે આવે ,,
સ્વાર્થના સૌ બેલી, અંતે મેલશે ઠેલી ,,
આવ્યાતા મુઠી વાળી, જાશો મુઠી ઉઘાડી ,,
પાપ પુણ્ય હાથે, કીધેલાં આવે સાથે ,,
જે જે દિન જાશે, તે પાછા નવ દેખાશે
શનુ કહે પોકારી, છે કાળ તણી ગતી ન્યારી ,,

ભજન ૧૧

હરિ ભજતાં હજુ કોઇની લાજ જતાં નથી જાણીરે
જેની સુરતા શામળીયાની સાથ, વદે વેદ વાણીરે
વહાલે ઉગાર્યો પ્રહલાદ, હીરણાકશ્યપુ માર્યો રે
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે
વહાલે મીરાંબાઇનાં ઝેર, હળાહળ પીધાં રે
પુર્યાં પંચાળી કેરાં ચીર, પાંડવ કામ કીધાં રે
વહાલે નરસૈં મ્હેતાનો હાર, હાથો હાથ આપ્યો રે

ધ્રુવને આપ્યું અવીચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે
વહાલે અમરીષની ઓળખાણ, અવતાર દશ લીધા રે
સુદામાની ભાગી ભુખ, અંતે સુખ દીધાં રે
આવો હરી ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશે રે
કરજોડી કહે પ્રેમળદાસ, ભકતોનાં દુ:ખ હરશેરે.

ભજન ૧૨

હવે રણછોડ રંગીલો, મને બસ પ્રાણ પ્યારો છે
હૃદયમાં મુર્તી તારી, વિના સંસાર ખારો છે
ગોપીકા પ્રેમમાં ઘેલી, બની તુજ કારણે વહાલા
વીખુટા નાથ નવ થાશો, સેવક તુજ દાસ વિનવે છે
નથી કંઇ આશરો મારે, તમો શીર સ્વામી છો મારા
દાસના દુષ્ટ દુર્ગુણો, હવે નકકી થશે ન્યારા
સદાને કાજ હો સ્વામી, હમોને બુદ્ધિ એ આપો
મોક્ષનાં દ્વાર ગર્જાવા, હૃદયમાં ચક્ષુઓ સ્થાપો
તિતિક્ષણ તેજમય મુર્તી, રૂપાળું રૂપ છે સારૂં
લાભ લેવાને ઝાંખીનો, એકાદશી વ્રત મેં ધાર્યું
લગન તારી મને લાગી, વિસારો નહિ હવે વહાલા
દયા કરી હો દયાનીધી, દરશન આપજો પ્યારા

નિરંતર નામ તારૂં છે, બીજું સર્વે અકારૂં છે
મુરખ હું મુઢ પ્રાણી પર, બીરદ મોટું તમારૂં છે
અરીના મુળ ઉખેડી, દેવોનાં દુખડાં કાપ્યાં
ભુતળનો ભાર ઉતારી, ભકતોને સુખ તો આપ્યાં
કરી બોડાણા ઉપર મ્હેર, પ્રભુ આવ્યા ભકતની ઘેર
અર્જુનની એજ અરજી છે, ઉગારો હો પ્રભુ હમને.

ભજન ૧૩

હમે બાર બાર છોગલાં મેલ્યાં છોગાળા,
ડાકોર વાળા તારી જાત્રામાં

હમે થઇએ ગાંડા ને ઘેલા છોગાળા, ડાકોરવાળા ,,
હમે ગોમતીના નીરમાં નાઇશું છોગાળા ,,
નાહિ નીરે ને પાવન થઇશું ,,
ત્યાં માખણીયો છે આરો ,,
નાહ્ય તેનો સફળ જન્મારો ,,
તારૂં દેહરૂં ગગનમાં ગાજે ,,
દરવાજે નોબત વાગે ,,
સામે ડંકનાથનો આરો ,,
ત્યાં તો સંગ ભરાય છે સારો ,,

આઠે દહાડે તારો વરઘોડો ,,
તારો જુગમાં ન મળે જોડો ,,
પ્રેમ થકી હરીજન ગાએ ,,
તેના દુઃખ દરીદ્ર જાયે ,,

ભજન ૧૪

આવ્યા શ્રી ડાકોર તારવા, રણુછોડરાય આવ્યા શ્રી ડાકોર તારવા
ભાગલી તે વહેલ વહાલે વૈમાન બનાવ્યું, વચન બોડાણાનુ પાળવા
—રણુછોડરાય.
ગોમતી સંતાયા પોતે ગરૂડા ગામી, ગુગળીને પાછા કાઢવા
—રણુછોડરાય.
સવા વાલની વાળીએ તોલાવ્યા, ગંગાબાઈનાં માન વધારવા
—રણુછોડરાય.
દાસ શનુ પોકારીને કહે છે, ભકતોનાં દુઃખ ટાળવા
—રણુછોડરાય.

ભજન ૧૫

મારા રૂપાળા, મારા રંગીલા રણુછોડજી,
રૂડાં તમારાં નામ મારા અલબેલા.

ડાકોર ઉપર દયા કરી કંઇ પાવન કર્યો ગુજરાત—મારા અલબેલા.
પીળાં પીતામ્બર પ્હેરીયાં કંઇ કસબીયારી કોર. „
બાંહ્યે બાજુ બંધ બેરખા તારી દશે આંગળીએ વેઢ „
શીરપર મુગટ શોભતા તારે કંઠે એકાવળ હાર „
તારી હુબચીએ હીરલો જગમગે, એના તેજતણો નહિ પાર „
કેડે કંદોરા શોભતા પગે ઝાંઝરનો ઝમકાર „
પાયે પીચુરંગ મોજડી તારી ચમકતી છે ચાલ „
મ્હેતા નરસૈંનો સ્વામી શામળો, મારે વ્હાલે રમાડયા રાસ „

ભજન ૧૬

તારો નેડો લાગ્યો મુજને રાજા રણછોડ રે
રાજા રણછોડરે, રંગીલા રણછોડ રે —તારો નેડો.
અધમ ઓધરણ નામ તમારૂં મહાત્મ્ય એનું મોટું રે
હરતાં ફરતાં તુજને સમરૂં બાકી સર્વે ખોટુંરે—તારો નેડો.
કાશી દેખી દેખી દ્વારકાં, તીરથ દેખ્યાં ઝાઝાં રે
સત્સંગતમાં બેઠો ત્યારે, મનડે મુકી માજા રે—તારો નેડો.
ભવસાગરમાં હું અથડાઉં, સગા સંબંધી લુંટે રે
દાસ ઉપર જો દયા કરો તો, ભવનાં બંધન છુટેરે—તારો નેડો.

ભજન ૧૭

મોતીયાંવાળા રણછોડજી રે,
નીરખી નયનાં ટાઢાં થાય હો લાલ મોતીયાંવાળા
તમારાં મોતીયાં લળી લળી જાય હો લાલ ,,
તમને નમી નમી લાગું પાય હો લાલ ,,
વહાલા લાગો છો રણછોડરાય હો લાલ ,,
ડાકોરપુરી પાવન કરી રે
પાવન કીધાં છે ગોમતી તળાવ હો લાલ ,,
દરવાજે ચોઘડીયાં વાગી રહ્યાં રે
ત્યાં તો માનુની મંગળ ગાય હો લાલ ,,
શોભા શીરે કહું મારા નાથની રે
વહાલો મારો તેજ તણો અંબાર હો લાલ ,,
રિદ્ધી સીદ્ધી શી કહું મારા નાથની રે,
વહાલો મારો રતન સીંહાસન બેઠા હો લાલ ,,
સાકર માંખણનો મહીમા ઘણો રે,
મહાજન વેચે છે અપાર હો લાલ ,,
મ્હેતા નરસૈયાનો સ્વામી શામળોરે,
હમને પૂરી રમાડયા રાસ હો લાલ ,,

ભજન ૧૮

વાગે છે રે વાગે છે તારી કાયામાં ઘડીયાળ વાગે છે
આ રે કાયાના દશ દરવાજા, નીતીની નોબત ગાજે છે
—તારી કાયામાં.

આ રે કાયામાં બાગ બગીચા, ભમરો સુગંધી માગે છે
—તારી કાયામાં.

આરે કાયામાં જોત જલત હે તેજના ઝીંબકાર વાગે છે
—તારી કાયામાં.

બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, સંતો અમરાપુર મહાલે છે.
—તારી કાયામાં.

ભજન ૧૯

વાગે છે રે વાગે છે વંદ્રાવન મોરલી વાગે છે
એના શબ્દ ત્રિલોકમાં ગાજે છે વંદ્રાવન મોરલી.

આ તીરે ગંગા ને પેલી તીરે જુમના, વચમાં ગોકુળીઉં ગાજે છે
—વંદ્રાવન.

વંદ્રાવનને મારગ જાતાં, દાન દધીનાં માગે છે
—વંદ્રાવન.

વંદ્રાવનમાં વહાલે રાસ રચ્યો છે, મારો વહાલોજી થૈ થૈ નાચે છે
—વંદ્રાવન.

વંદ્રાવનની કુંજ ગલનમાં, રાધા ને કૃષ્ણ બિરાજે છે
—વંદ્રાવન.

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, એના દરશનથી દુઃખ ભાગે છે
—વંદ્રાવન.

ભજન ૨૦

હરિ મારા હૃદય રહેજો, પ્રભુ મારી પાસે રહેજો, જો જો ન્યારા
થતા રા....મ તે દિનનો વિશ્વાસ છે, મને તે દિનનો વિશ્વાસછે
ધના ભગતનું ખેતર ખેડયું,વેળુ વાવી ઘેર આવ્યા રા....મ-તે દીનનનો
સંત જનોના પાત્ર પુર્યાં (૨) ઘઉંનાં ગાડાં ઘેર લાવ્યા રા....મ ,,
મીરાંબાઈને મારવા જ્યારે રાણે હઠો લીધી રા....મ ,,
ઝેરના પ્યાલા અમૃત કરીયા (૨) ત્રીકમ ટાણે પધાર્યા રા....મ ,,
જુનાગઢના ચોકમાં જ્યારે, નાગરે હઠો લીધી રા...મ ,,
નરસૈયાની હુંડી લઇને (૨) દ્વારકાંમાં દીધી રા....મ ,,
ભીલડીનાં એઠાં બોર વાલો, પ્રેમથી આરોગ્યા રા....મ ,,
ત્રીભુવનના નાથ તમને (૨) મીરાંબાઈ એ ગાયા રા....મ ,,

ભજન ૨૧

વારી વારી રે નંદના લાલ તારા લટકાને
બલીહારીરે રણુછોડરાય ,,
બલીહારીરે દીનદયાળ ,,
લટકે વામન રૂપ ધરીને, ઉભા બળીને દ્વારરે
ઉઠી ચરણુ અવની જઈ જાચ્યા, બળી ચાંપ્યો પાતાળ—તારા.
લટકે સ્થંભથી પ્રગટ થઈને, નૃસીંહ રૂપને ધાર્યો રે
લટકે પ્રહલાદ ભક્ત બચાવ્યો, હીરણ્યકશ્યપુ માર્યો—તારા.
લટકે રામનું રૂપ ધરીને, પિતાની આજ્ઞા પાળી રે
લટકે રાવણુ રણુમાં રોળ્યો, સીતાને લાવ્યા વારી રે—તારા.
લટકે ગોકુળ ગાયો ચારી, લટકે બજાવી બંસ રે
લટકે દાવાનળને પીધો, લટકે માર્યો કંસ—તારા.
લટકે ગીરી ગોવરધન તોલ્યો, ઇન્દ્રનો મદ ઉતાર્યો રે
લટકે જળ જમુનામાં પેઠા, લટકે કાળી નાથ્યો રે—તારા.
એવા લટકા અતી ઘણુાને, લટકા લાખ કરોડરે
લટકાળો મ્હેતા નરસૈનો સ્વામી રૂપાળો રાય રણુછોડ—તારા.

ભજન ૨૨

ધન્ય જેણે હરિ ગુણ ગાયા સંસારમાં
આરે સંસારમાં, આરે અવતારમાં —ધન્ય જેણે
બીજા સો જાણજો, ભવૈયા સંસારમાં ,,
હાથી ઘોડાને સુખપાલ બેઠે શું થયુ,
શું થયું મેલવી માયા સંસારમાં ,,
કંઠ સાહીને જમ ઝાલશે પલકમાં
દુર રહેશે સુત વીત દારા સંસારમાં ,,
દયા પ્રીતમ ભજો નંદના કુંવરને
સફળ થાશે તારી કાયા સંસારમાં ,,

ભજન ૨૩

હજુરી ચાકર રાખોજી, હજુરી નોકર રાખોજી
શામળીયા ગીરધારીલાલ, નોકર રાખોજી

હજુરી ચાકર રહીશુંજી હજુરી નોકર રહીશુંજી
મોહન મોરલીવાળા દાદા ચાકર રહીશુંજી

ચાકરીમાં સ્મરણ માગું, સેવા માગું હરજી
ભાવ ભકિત જાજેરી માગું, ચારે વાતો સરખી—હજુરી.

ચાકર રહીશું ને બાગ બનાવીશું, નિત્ય નિત્ય દરશન જઈશું
વંદ્રાવનની કુંજ ગલનમાં, રાધે ગોવિંદ ગાઇશું—હજુરી.

ઉંચા નીચા મહેલ બનાવ્યા, વીચ વીચ મહેલી જાળી,
શામળીયાનાં દરશન કરવા, પહેરૂ પીતાંબર વાળી-હજુરી.

જપ કરવાને બ્રાહ્મણ સરજ્યા, તપ કરવા સન્યાસી
ભજન કરવા સંત સરજ્યા વંદ્રાવનના વાસી —હજુરી.

રાઠોડા ઘેર દીકરી ને રાણાજી ઘેર નાર
શામળીયા તારા કારણુ મેં છોડ દીધો સંસાર —હજુરી.

બાઇ મીરાં કહે ગીરધરના ગુણ, તુમહો ગુણ ગંભીર
ગોવાલણી કો દરશન દીનો, ત્રઠ યમુના કે તીર-હજુરી.

ભજન ૨૪

ગાયો ચારીને ગોવિંદ ઘેર આવ્યા, ને વારણાં લેઉં વારી વારી
ઘરમાં પેસતાં કાન ઉઘાડા દીઠા, ઝુલણી કયાં રે વિસારી.
હો નંદના નાનડીયારે.

ખમા મારા મનના મોહનજીરે, ખમા મારા તનના ત્રીકમજીરે
ખમા મારા પ્રેમના પાતળીયારે, ખમા રાય રણછોડ રંગીલારે
ખમા કાન ઝુલણી કયાંરે વીસારી.

રૂવે રૂવે ને કાન રૂદન કરે ને, લાવી બેસાડું સામે ઓટે
એરે ઝુલણીના કારણે, મારો કનૈયો રેતીમાં લોટે
હો નંદના નાનડીયારે.

એ રે ઝુલણીમાં કાંઇએ નથી, પણ જડીએલ માણેકમોતી,
એરે ઝુલણીના કારણે, હીંડુ ગોકુળ મથુરાંમાં જોતી,
હો નંદના નાનડીયારે.

સોના તે કેરી સોયો મંગાવું ને રૂપલા કેરા ધાગા
ખંતીલો દરજી શીવવાને બેઠો, રાય રણછોડના વાગા,
હો નંદના નાનડીયારે.

જરકસીનો જામો શીવડાવું ને ઉપર શીવડાવું કાન ટોપી
છાનો રહેને મારા કુંવર કનૈયા, કાલે પરણાવીશું ગોપી.
હો નંદના નાનડીયારે.

દ્વારકાંથી પ્રભુ ડાકોર પધાર્યા ને, ડાકોર કીધું કાશી
મધરાતે મથુરાથી નાઠા મારીતી પુતના માસી.
હો નંદના નાનડીયારે.

રૂપીએ તે ગજના મસરૂ મંગાવું ને બખીઆ દેવડાવું રામ રાતા
ગાય શીખેને સાંભળે, ગુણ ગાય યશોદા માતા.
હો નંદના નાનડીયારે.

ભજન ૨૫

વારી જાવુંરે શામળીયા લાલ, મોરલીનો રંગ લાગ્યો રે
સોના તે કેરી મોરલી ને કંઈ રૂપલા કેરા તાર–મોરલીનો.
કાનજી ઘડાવે રૂડા બેલડાને, રાણી રાધા ઘડાવે હાર ,,
રાધા મહીં વેચવા નીકળ્યાં ને, કંઈ મારગમાં ઉભો કાન ,,
વનમાં ઘેરી વ્રજ સુંદરીને, મારો વાલોજી માગે છે દાન ,,
મોહન વાગાડે રૂડી મોરલી ને તેના શબ્દ ગાજે ગનઘોર ,,
થૈ થૈ કાર થાયે વ્રીજમાં ને, નાચે છે નંદકિશોર ,,
વંદ્રાવનની કુંજમાં મારે વહાલે રમાડયો રાસ ,,
શરદ પુનમની રજનીએ વ્રીજ વિનતાની પુરી આશ ,,

ભજન ૨૬

ગોકુળ વહેલા પધારજો રે,
મથુરા જાવ તો મારા સમ હો લાલ —ગોકુળ
મનમાંથી જાવ તો મારા સમ હો લાલ ,,
રથ જોડી અક્રૂર આવીયા રે,
એ તો મને દુઃખડાના દેનાર હો લાલ ,,
રાધા રથ રોકી ઉભાં રહ્યાં રે,
મરા હ્રદયા પર રથ ખેડો હો લાલ ,,

એ। જાય એ। જાય રથ મારા નાથનો રે,
વાંસે બેઠા છે હળધર વીર હો લાલ ,,
મેતા નરસૈના સ્વામી શામળા રે,
હમને ફરી રમાડો રાસ હો લાલ ,,

ભજન ૨૭

નયનાં ઠર્યાં છે તમને જોઇને, છબીલો લાલ–નયનાં
જે દિનના મોહન તમે ગયા છો, તે દીન વિત્યા મુજ રોઇને-છબીલો
લોક લજ્જા મર્યાદા મુકીને, રહી છું મોહન વરને મોહીને ,,
તમે વિયોગે હું ત્રણ ભુવનમાં, એમાં ન દીઠા બીજા કોઇને ,,
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ ચિત્ત પ્રોઇને ,,

ભજન ૨૮

મારી સૈયાંરે, મને દુઃખડી રાધાજીને છોડી ગયો,
છોડી ગયો રે કાનો નાસી ગયો —મારી સૈયાંરે.
હું તો સુતીતી વ્હાલાજી અપને મંદિરીએ હરિ,
આડી કમાડી કાનો, દઇને ગયો ,,
આણી તીરે ગંગા વહાલા, પેલી તીરે જુમના હરિ,
વીચમાં કાનુડો બંસી બજવી રહ્યો ,,

મેં તો જાણ્યું'તું વહાલો જન્મ સંગાથી હરિ,
અધવીચ ધોકો હમને દઇને ગયો ,,

બાઈ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ હરિ,
ચરણ કમળ ચિત્ત દઇને ગયો ,,

ભજન ૨૯

અમારા તે સ્વામી, કોને કોને વરીયા છે
કોને કોને વરીયા, કોનાં કોનાં દુઃખ હરીયાં છે—અમારા.

વરીયા પેલા મુરૂધ્વજને, ઉભો જેને વ્હેર્યો
મણા ન રાખી જરા દુઃખમાં, અંતે સ્વરૂપે હેર્યો ,,

વચન પ્રહારતથી વન કષ્ટો, ધ્રુવને આપી બાળપણે
એના એ હરિ પ્રગટયા છે પછી, ધ્રુવ આગળ બહુ વ્હાલપણે ,,

નાંખ્યો પેલા સુધવાને તાતા તેલે વ્હાલાએ
સીતળતા અર્પી પછી વરીયા, પહેલો વીંધી ભાલાએ ,,

ઘડી ઘડીએ અભીમાન તજાવ્યું, વળી ગ્રઢંળ પણ કીધો
તે પછી અર્જુનને વહાલાએ, સખા રૂપે કરી દીધો ,,

વળતી વહાલો બળીને વરીઆ, જેને ચાંપ્યો પાતાળે
પછીથી છડીને ધારણ કરી હરિ, બળી દ્વારને સંભાળે ,,

દરીદ્રતામાં તાવ્યા સુદામા, વળી તાંદુલ પણ લીધાં
ઘરમાંથી કાઢયા પછી વહાલે, મન ગમતાં સુખ દીધાં „

તંલપુર સુંઢ ઉપર રહી ત્યાં લગી, જળે બુડાડયો હાથીને
તવ વહાલે આવીને છોડયો, ગ્રાહના મુખમાંથી જેને „

પુરે પુરી મનમાની કરી, કસોટી વહાલો રીઝે છે
નેત્રે જળ આણી પછી પોતે, કરૂણા જળથી ભીંજે છે „

અંત લગી તાવે ને તાણે, પણ એક દી ના તોડે
અંતે સઘળું આપે એવો, વહાલો ભજીયે કોડે „

ભજન ૩૦

આવોને મારા રઢીયાળા રણછોડરે,
વ્હાલા તમારી જુગમાં ન મળે જોડ રે —આવોને.

પીળાં પીતાંમ્બર શોભે નંદના લાલા રે
મેં બલીહારી જાવું શ્રી વૃજના વાલા રે „

મોર મુગટને કાને કુંડળ ધારી રે
ખમા હો વ્હાલા, ગોકુળના ગીરધારી રે „

હાથે કંકણ બાંહ્યે બાજુ બંધ રે
નીરખે તેનાં નયનાં થાય પ્રસન્ન રે „

પુલના હાર ને પુલાણીઆરા તોરારે
કેડે શોભે સોનાના કંદોરારે ,,

ત્રીકમ તારા, તેજ તણો નહિ પાર રે
માણેક મોતી, હીરલે જડીયા હાર રે ,,

ફુલે ગુલાબી તારી પુલે ભરાવું પુલવાડી રે
દાસ રઘુનાથને દરશન દેજો દહાડી રે ,,

ભજન ૩૧

તને મળ્યો મનુષ્ય અવતાર માંડ કરીને
ભાવે ભજી લે ને ભગવાન, હેત ધરીને

નહિ તો ખાસો જમના માર, પેટ ભરીને
માટે રામ નામ સંભા..........ળ
માટે રામ નામ સંભાળ હેત કરીને —તને મ

ગઇ પળ પાછી ફેર ન આવે, મુરખ મુઢ ગમાર
ભવસાગરની ભુલવણીમાં, વીતી ગયા જુગ ચાર
ફેરા ફરીને ,,

ગર્ભવાસમાં જાળવી રાખ્યો નવ માસ નીરધાર
અરજી કીધી અલબેલાને, બહાર ધર્યો અવતાર
મોહ્યા માયાને ,,

કળીયુગ કુડો, રંગે રૂડો કહેતાં ન આવે પાર
જપતપ સાધન કછુ બને નહિ એકનામ તણો આધાર
કૃષ્ણ જપોને ,,
સંસાર સાગર જળનો ભરીયો રામ નામનો ઝાઝ
ગંગારામ કો જ્ઞાન બતાવ્યો, રામદાસ મહારાજ
દયા કરીને ,,

ભજન ૩૨

મારા વ્હાલા રે વંદ્રાવનની વાટે વ્હેલા આવજો
મારા વ્હાલા રે પ્રેમી જનને પ્રેમ કરી બોલાવજો
,, પ્રેમી જનનાં હૈડાં તો હરખે ભર્યાં
,, તે દેખીને ચીતડાં હમારાં ત્યાં ઠર્યાં
,, મહીયારી તો મહી વેચવાને જાય છે
,, મહીયારીનાં મહી માંખણ લુંટી ખાય છે
,, મહીયારી તો ઠપકો દેવા જાય છે
,, જસોદા માતા સોટી લઇને ધાય છે
,, જમુનાજીની અખંડ આરતી થાય છે
,, નરનારી સૌ દર્શન કરવા જાય છે
,, વંદ્રાવનમાં અખંડ રાસ રમાય છે
,, નટવરજી નાચે ને ગોપીઓ ગાય છે

„ ગોવરધન ઉપર ગૌધન ચારવા જાય છે
„ માધવદાસ બલીહારી જોવા જાય છે.

ભજન ૩૩

મેલી દેને કાન, કાન રે મારગડો હમારો મેલી દેને કાન
છોડને પાલવડો હમારો —મેલી દેને કાન
વાટે ને ઘાટે શાને રોકો છો
તમને કંસની આણુ, આણુ રે–મારગડો હમારો „
વારે વારે તમને નંદકુંવરને
હજુ ન આવી શાન, શાન રે–મારગડો હમારો „
ઉભા ઉભા તમે શાન કરો છો
મોહનાં મારો છો બાણુ બાણુ રે–મારગડો હમારો „
હમે મહીયારાં રાજા કંસનાં
શાનાં માગો છે દાન દાન રે–મારગડો હમારો „
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ
તમે છો નંદના લાલ, લાલ રે–મારગડો હમારો „

ભજન ૩૪

મન માયામાં જાય ભક્તિ કરૂં કેમ શ્રી હરિ
જીવ મારો મુંઝાય ભક્તિ કરૂં કેમ શ્રી હરિ

જ્યારે ઉઠું પ્રાતકાળ, સાથે રડતાં ઉઠે બાળ
એ છે મોટી જંજાળ ”
એને સમજાવું ઝટ, કરૂં તેની ખટપટ
એને છાનાં રાખું ચટ ”
ત્યાં તો દીન ચઢી જાય, પાઠ પુંજા નવ થાય
જીવ ધંધામાં જાય ”
નારી બોલે વચન, ઘરમાં થોડું છે અન્ન
કાલે ક્યાંથી ભોજન ”
તમે કેમ થયા રાંક, કંઈક લાવોને શાક
એમાં મારો શું વાંક ”
નારી બોલે છે એમ, મારે પહેરવા જોઇએ હેમ
તેનું કરવું મારે કેમ ”
આ છે જુઠી જંજાળ, નારી જોઇ ચઢે છે કાળ
બળે અગ્નિની ઝાળ, ”
કહે વીઠલ મહારાજ, પ્રભુ રાખો મારી લાજ
કરૂં ભક્તોનાં કાજ ”

ભજન ૩૫

કાનુડા માજમ રાત, મોરલી વાગી હો જી રે
બાઇ પેલા જુમનાજીને ઘાટ —કાનુડા.
પાણીડાં ગ્યાતાં હોજી રે (૨)
બાઇ પેલા કેશરીયા તળાવ ”
ઉઢાણી ભરાણી હો જી રે (૨)
બાઈ પેલા આમળીયાને ડાળ ”
બેડલાં મેલ્યાં હો જી રે (૨)
બાઈ પેલા સરોવરીયાની પાળ ”
ચાલ્યો ચાલ્યો હો જી રે (૨)
બાઇ મારી સહીયરોનો સાથ ”
પ્હેર્યાં પ્હેર્યાં હો જી રે (૨)
બાઇ મેં તો અવળાં સવળાં ચીર ”
મેલ્યાં, મેલ્યાં હોજી રે (૨)
બાઈ મેં તો પારણીયાણું બાળ ”
મળીયા, મળીયા, હો જી રે (૨)
બાઇ પેલા નરસૈયાના નાથ ”
પુરી પુરી હો જી રે (૨)
બાઇ મારા મનડા કેરી આશ ”

ભજન ૩૬

ઓધવ જાણે તેને તો હમે જાણીયેરે
વર રાધાજીનાને વખાણીએરે —ઓધા જાણે
કંઈક જાણ્યા મીરાંબાઈ રાણીએ રે
ઝેર પીધાંતાં સારીંગ પ્રાણીએ રે ,,
કંઈક જાણ્યા શંગાળ શેઠ વાણીએ રે
કુંવર વધેર્યો ચંગાવતી રાણીએ રે ,,
કંઈક જાણ્યા નરસૈયા નાગરે રે
હુંડી સ્વિકારી કોરા કાગળે રે ,,
કંઈક જાણ્યા પાંડવ કેરી રાણીએ રે
ચીર પુર્યાંતાં, એ એધાણીએ રે ,,
ગુરૂ ગાયે ગેમલ રસ વાણીયે રે
ગોરસ પીધાં કાનુડા વરદાણીયે રે ,,

ભજન ૩૭

નાગર નંદાજીના લાલ (૨) રાસ રમંતાં મારી નથની ખોવાણી
કાના જડી હોય તો આલ્ય (૨) રાસ રમતાં ,,
નાની નાની નથની ને માંહી જડેલા હીરા,

નથની આપોને મારા (૨) સુભદ્રાના વીરા, વીરા, વીરા.
નાગર નંદાજીના લાલ „

એક એક મોતી માંહી સોના કેરો તાર,
સોળસેં ગોપીમાં પ્રભુ (૨) રાખો મારો ભાર, ભાર, ભાર.
—નાગર.

નાનેરી પહેરૂં તો મારા નાકે નવ સોહાય,
મોટેરી ઘડાવો મારા (૨) મુખ પર ઝોલાં ખાય, ખાય, ખાય.
—નાગર.

નથની ને કારણે મેં ઢુંડયું વંદ્રાવન
નથની આપોને, મારા (૨) પ્રાણજીવન, વન, વન.
—નાગર.

નથની આપોને પ્રભુ, નંદના કુમાર
નરસૈયાના સ્વામી ઉપર જાવું બલીહાર, હાર, હાર.
—નાગર.

ભજન ૩૮

મારા શામળીયાજી શેઠ (૨) તમે હમને લઇ ચાલો વૈકુંઠ દેશ
સુદામાનું સંકટ હરીયું મુષ્ટિક તાંદુલ માટે
કરમાબાઇના કુર જમીયા, વહાલા પાછલી રાતે—મારા.

અહલ્યા નારી ગૌતમની પ્રભુ ચરણુ રજથી તારી
સવરી કેરાં બોરજ એઠાં, આરોગ્યા ગીરધારી ,,

કુબ્જા દાસી કંસની પ્રભુ ચંદન માટે સ્થાપી
ઝેર ભરીને માસી આવી, જસોદા પદવી આપી ,,

દ્રૌપદી પોકારે વિઠ્ઠલ દ્વારકાંથી આવે
કૌરવની સભામાં હરજી, ચિર લઇને ધાયે ,,

મીરાં ઉપર ક્રોધ કર્યો રાણાએ હરજી જ્યારે
હેત કરીને રાધાવરે ચાંપ્યા રૂદીયા સાથે ,,

કર જોડી ગોપીજન કહે છે, વહાલા ના વિસારો
હમે તમારે શરણે રહીએ, ભવસાગરથી તારો ,,

ભજન ૩૯

કોઇ મને કૃષ્ણુ દેખાડો રે મધુવનમાં
કોઇ મને પ્રભુજી મીલાવો રે શ્રી ગોકુળમાં

મેરી મતી હેરી તેરો મર્મ ન જાણ્યો
વનમાં ફરે વહાલો તનમાં રે, મધુવનમાં—કોઇ મને.

સકળ વન ઢુંડયાં, સકળ વ્રજ ઘેર્યાં
અતિ રે ઉદાસી મારા તનમાં રે મધુવનમાં ,,

અમ્બર ચીર પહેર્યાં વાઘામ્બર ઓઢયાં
ફુલડાં વીણતાં બાગનમાં રે મધુવનમાં ,,
ચીર મારાં ફાટયાં તે હાર મારા તુટયા
નીર ભરાયાં લોચનમાં રે મધુવનમાં ,,
સુરદાસ પ્રભુ તીહારે મીલન કુ
અતીશે ઉલટ મારા મનમાં રે મધુવનમાં ,,

ભજન ૪૦

તમે મળવા તે ના આવ્યા શા માટે
તમે છો રે જનમના ચોર, મળવા આવો સુંદીર વર શામળીયા
તમે ગોકુળમાં ગાયો ચારતા તમો માગીને પીતા છાશ
—મળવા આવો૦
તમે આહીરડામાં ઉછર્યા, તમે ભરવાડના ભાણેજ ,,
તમે જુમનાના આરા રોકતા, તમે ખોબલે ઉડાડયાં નીર ,,
તમે કાળી તે કામળી ઓઢતા, સવરીના ખાધાં બોર ,,
વા વાયાને વાદળ ઉલટયા, ગોકુળમાં ટહુકા મોર ,,
મેતા નરસૈના સ્વામી શામળે, વહાલે વારી રમાડયા રાસ
—મળવા આવો૦

ભજન ૪૧

તુજ વિના મોરી કોણ ખબર લે શ્રી ગોવરધન ધારીરે
ઔરનકુ તો ઔર ભરૂસો હમકુ આશ તુમારી રે—તુજ૦

મોર મુગટ પિતામ્બર શોભે, કુંડળકી છબી ન્યારી રે ,,
પાણીની ઉપર પાજ બંધાવી, સન્યા તે પાર ઉતારી રે ,,

ભરી સભામાં દ્રૌપદી પોકારે, લજ્જા તે રાખી મુરારી રે ,,
વંદ્રા તે વનને મારગ જાતાં, મળીયા છે મોહન મોરારીરે ,,

વંદ્રા તે વનમેં રાસ રચ્યો છે, સોળસેં ગોપીમાં ગીરધારીરે ,,
જમુના કે નીર તીર, ધેનું ચરાવે બંસી બજાવી નંદલાલેરે ,,

વંદ્રા તે વનની કુંજ ગલનમાં, ખેલત રાધા નારી રે ,,
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ બલીહારીરે ,,

ભજન ૪૨

જે દુઃખ થાય તે થાજો રૂડા રામને ભજતાં
પીંડ પડે તો પડવારે દેજો જીવ જાય તો જાજો —રૂડા૦
ઉંચે બાંધીને તળે અગ્ની પ્રજાળે માર મુશળના ખાજો ,,

લોક નિંદે તેને નિંદવાદે દેજો, રાજા દંડે તો દંડાજો ,,
હરીજનોનેં દાસ રણછોડ કહે છે ગુણ તો ગોવિંદના ગાજો ,,

ભજન ૪૩

અચ્છા મેરા દીનાનાથ, મેરી શોધ લેના
મેરી શોધ લેના નાથ, મેરી શોધ લેના—અચ્છા૦

સોનેકા સોનૈયા નાહી, રૂપેકા રૂપૈયા નાહી,
કોડી દમડી પાસ નાહી, કહાં જાકે રહેના.—અચ્છા૦

માતા નાહી પિતા નાહી, ઔર જોડી બાંધવ નાહી,
એસા કોઇ દોસ્ત નાહી, કહાં જાકે રહેના—અચ્છા૦

ખેતી નાહી વાડી નાહી, ઓર કુચ્છ ધંધા નાહી,
એસા કોઇ રાજા નાહી, કહાં જાકે રહેના—અચ્છા૦

કહેતા હે મલુકદાસ, છોડી દે પરાઇ આસ,
ગંગા કે કિનારે જાકે, રામ નામ લેના—અચ્છા૦

ભજન. ૪૪

જસોદા તેરાહી લાલાને, મેરી મહીં મટુકીયાં ફોડ
મહીં મટુકીયાં ફોડ અરરર, મહીં મટુકીયાં ફોડ—જસોદા.

મહીંકી મટુકી ધરી શીર પર, મેં જાતી બડે ભોર
વંદ્રાવનકી કુંજ ગલનમેં (૨) મીલ ગયે નંદકીશોર–જસોદા.

ચુંબ કપોલ બોલ અણુબોલે, બોલે માખણ ચોર
દેરે મહીંકા દાણુ ગોવાલણુ (૨) કરે એશી ઝુંડ જોર–જસોદા.

મોસે કહે નાચ મેરે સંગમે, હરબીચ બનકી જોર
ગ્વાલ બાલ તો સખા કૃષ્ણુ કે (૨) હસે હસાદી મોય–જસોદા.

ઇત જાવું તો સખા કૃષ્ણુજી, રોકે ચારે કોર
ઉત જાવું તો જમુના વેરણુ (૨ઃ ઘેરી લેત હી લોલ–જસોદા.

અબ ન જાઉંગી એ વૃજ માંહી, અમને લીયો મુખ મોલ
છોટી સી કહું અચ્છી નગરીયાં (૨) રાધા નંદકીશોર–જસોદા.

જુમના તટ પર બંસી બજાવે, કાળી કામળીયાં ઓઢ
સુર સ્યામ કે સ્વામી કનૈયા, (૨) જુલ્મી જાલમજોર–જસોદા

ભજન ૪૫

ઇતના તો કરના સ્વામી, જબ પ્રાણુ તનસે નીકસે
ગોવિંદ નામ લેકર, મેરા પ્રાણુ તનસે નીકસે

ચાહે ગંગાજીકા તટ હો, ચાહે જુમનાજીકા બટ હો
મેરે શામળા નીકટ હો— જબ૦

ચાહે શીરપે મોર મુગટ હો, મુખડે પર કાળી લટ હો
એહી ધ્યાન સદા મુજ ગટ હો— જબ૦

ચાહે વંદ્રાવન કે સ્થળ હો, મેરા મુખમેં તુલસી દળ હો
ચાહે કૃષ્ણ ચરણુકા જળ હો— જબ૦

યમુનાકે તટ પે ખડા હો, બંસરીમેં સુરતો ભર્યા હો
જબ તીરછા પાઉં ધર્યા હો— જબ૦

જબ કંઠે પ્રાણુ આવે, કોઇ રોગ ના સતાવે
યમ દર્શન ના દીખાવે— જબ૦

ઉસ વકત જલદી આના, મુજકો ન ભુલ જાના
બંસીકી ધૂન સુનાના— જબ૦

મેરા પ્રાણુ નીકળે સુખસે, તેરા નામ નીકળે મુખસે
બચ જાઉં ઘોર દુ:ખસે— જબ૦

ઇતની મેરી અરજ હૈ, માનો તો કયા હરજ હૈ
એહી સુરકો ગરજ હૈ— જબ૦

ભજન ૪૬

શામળીયા પિતામ્બર ધારી, તારી ગરૂડ ઉપર અસ્વારી
હો–શામળીયા

ગોવિંદા ગોકુળવાસી, તેં ડાકોર કીધું કાશી રે હો–ગોવિંદા
ગોવિંદા ગોકુળવાસી, તેં માર્યો મામો માસી રે હો–ગોવિંદા
સિતાવર છો ઘનશામી, ઘટઘટના અંતરજામી હો–સિતાવર
રાધાવર છો રંગરસિયા, મારા હૃદયકમલમાં વસીરા હો–રાધા૦
તને બોડાણાજી લાવ્યા, પ્રભુ ભકતોને મન ભાવ્યા હો–શામ૦
ધન્ય ગંગાબાઈની વાળી, સવા વાલ થયા વનમાળી હો–શામ૦

ભજન ૪૭

ખમા મેરે બાંકે રણછોડ, ધન્ય તેરી સાહ્યબી
ધન્ય તેરી સાહ્યબી (૨) ખમા મેરે

કોઇ ચલે હાથી ઘોડા, પાલખી મંગાય કે
સંતો ચલે નંગે પાઉં, કીડીયો બચાય કે—ખમા મેરે
કોઈ ઓઢે સાલ દુશાલા, કમળીયા મંગાય કે
સંતો ઓઢે ભગવી કફની, ભભુતી લગાય કે—ખમા મેરે

કોઇ ખાવે શીરા પુરી, લડુઆ બનાય કે
સંતો પાવે સુકા ટુકડા, ભોગ લગાય કે—ખમા મેરે
સબ કોઇ ન્યાલ ભયે, કુચ કંચનમે
તુલસીદાસ ન્યાલ ભયે, રામ ગુણ ગાય કે—ખમા મેરે

ભજન ૪૮

રાણી વરજો ન છેલ બિહારીરે (૨)
નીર ભરનકુ જાતીતી, યમુના કે ઘાટપે
પીછેસે મારી કિંકરી, મેરે શિરકે માટપે
ભીંજ ગઇ ભીંજ ગઈ તન સારી હમારીરે—રાણી

સ્નાન કરનકુ જાતીતી, યમુનાકે ઘાટપે
ચીર હરકે ચઢ ગયે, કદમકે ડાળપે
રહે ગઇ રહે ગઇ મેં જલમે ઉઘાડી રે—રાણી

હમ ચલે સબ જાયગે, તેરે નંદ ગામપે
હર ગઇ સખીયાં, સબ સુર સ્યામ પે
માનો માનો એ અરજ હમારી રે—રાણી

ભજન ૪૯

યમુના નીકટ કનૈયારે, બંસી બજા રહા હૈ
મામા કંસકુ માર્યો, હીરણ્યકસ્યપ સંહાર્યો
નૃસિંહ રૂપ ધાર્યો રે, પ્રહ્લાદ કુ ઉગાર્યો

કુબ્જાને જાદુ ડારા, સખી શ્યામ હમારા મોહ્યા
મેં લાખ જતન કર હારી રે, નહિ માનતા ગીરધારી

ચંદ્ર સખી કો પ્યારો, હેજી કૃષ્ણ કૃષ્ણ પુકારો
ગોકુલ કો રહેને વાલે રે, મથુરાં કો જાને વાલે—યમુના.

ભજન ૫૦

ગોવિંદ ગુણ ગાઇ લ્યો મન ઘેલા
હરિજન થાવને વેલા વેલા
હરિગુણ ગાઇ લ્યો પ્રથમ પેલા
તારી કાયાના પડતા પેલા રે —ગોવિંદ

કાયા પાણીનો પરપોટો, અંતે એ ભરૂસો ખોટો
જુગમાં હરિ ભજ્યાનો જસ મોટો રે —ગોવિંદ.

મન તું મારૂ મારૂ કરતો, સગાં સંબંધી સાથે લડતો
તું તો હિંડે છે મગરૂબીમાં ફરતો રે —ગોવિંદ.

જીવ તારે અવર તણી છે આશ, વેશ ઘણો ને થોડી રાત
પળમાં થઇ જશે પરભાત રે —ગોવિંદ.
એવી વૈષ્નવ જનની રીત, કરી લે સામળીયા શું પ્રિત
જુગમાં હરિ ભજીને બાજી જીત જીત જીત રે—ગોવિંદ.

ભજન ૫૧

વ્હાલા તમારૂં મુખડું, કંઇ ટાળશે મારાં દુઃખ દર્શન આપોને
જે જે શ્રી ગોપાળ લાલજી, મારી ભાંગો વિયોગની ભુખ-દર્શન.

ઘડીના ગોઠે શ્રી નાથજી, હું સુનુ દેખુ સર્વ —દર્શન.
આપ કૃપાએ શ્રી હરિ, મને મળીયુ પુરણ પદ ,,

જ્યારે જોઉં ત્યારે આપની, પુરણ દેખું પ્રિત ,,
ખડકીએ જોઉં ત્યારે અડકીને ઉભા, શેરીએ સામા સામ ,,

બારીએ જોઉં ત્યારે બેઠેલા પ્રભુ સુતા દેખુ સેજ ,,
જમવા બેસું તો મારી જોડમાં, પ્રભુ નિરખું એના એ ,,

અંત સમે ને હાલમાં મને, ના વિસારશો નાથ ,,
ગૌલોકમાં ને પરલોકમાં, હું તો નિરખું એના એ ,,
મથુરાં પતિ વૃજ લાડીલા, તમે ભક્ત તણા પ્રતિપાળ ,,

ઓખા બાળજીને બળીયમા, તમે આયોના ગોવાળ ,,
દાસ વીસો કહે ગાઉં છું, તમે ભકતોનાં કીધાં ઘણાં કામ ,,

ભજન ૫૨

વ્હાલો પ્રેમને વશ થયા રાજી રે
તેમાં શું કરે પંડિતને કાજી રે
મથુરાંના વાશી તે ઘેર આવો રે
મારા શામળાના સંદેશા લાવો રે
મારા બાળા તે પણના બેલી રે
નવ જાશો પ્રભુ માયા મેલી રે
અમે માયાથી અળગા રહીએ રે
અમારા વિરહની વાત કોને કહીએ રે—વ્હાલો.

સાખી

ગુણકા હતી તે પોપટ પઢાવતી, અને તેમાંથી લહે લાગી
ભગવાન તેને સ્હેજમાં મળીયા, એની સંસારની ભ્રમણા ભાગી રે
—વ્હાલો.

વિદુરને ઘેર શ્રી કૃષ્ણ પધાર્યા, અને કેળાં આપ્યાંતાં માગી

ગર્ભ કાઢીને છોતરાં ખવડાવ્યાં, વ્હાલે સોય ના જોયું આગી રે
—વ્હાલો.

કરમા બાઇનો ખીચડો આરોગ્યા, અને વીદુરની જમ્યા ભાજી
સવરીનાં એઠાં બોર આરોગ્યા, વ્હાલે છપ્પનભોગ મેલ્યા ત્યાગી રે
—વ્હાલો.

ભકતની લોક નિંદા કરે, અને જગ્ત થયું છે પાજી
ભલે મળ્યા મેતા નરસૈના સ્વામી, માથે ગીરધર રહ્યો છે ગાજી રે
—વ્હાલો.

ભજન ૫૩

તેરી શરણુમેં આયગે, ફીર આશ કીસકી કીજીયે
ફીર આશ કીસકી કીજીયે (૨) —તેરી.

નહિ દેખ પડતા હે મુજે, દુનિયામે તેરી સાનકા
ગંગા કિનારે બેઠ કે, કમ કુપકા જળ પીજીયે—તેરી.

હરગીજ નહિ લાયક હું મેં, ગરચે તેરે દરબારકા
મેરી ખતા કો માફ કર, દીદાર અપના દીજીયે—તેરી.

પતિતપાવન નામ સુન કર, મેં શરણુ તેરી પડા
સફલ કર ઈસ નામ કો, અપના મુજે કર લીજીયે—તેરી.

મીલતા હે બ્રહ્માનંદ જીસકો, નામ જેનેસે સહી
એસે પ્રભુ કો છોડ કર, ફીર કોનસે હીત કીજીયે—તેરી.

ભજન ૫૪

પ્રભુવરજી ઉતારજો ભવ પાર, સ્વપ્ના જેવો લાગે સંસાર
રણુછોડરાય દીસો છો દિન દયાળ, દર્શન દેજો હો દેવ મોરાર

દર્શન આપો દુઃખડાં કાપો, જીવણુ જુગદાધાર
સ્યામ સુંદર તારૂં દર્શન પામી (૨) આનંદ વાધે અપાર
—રણુછોડરાય.

ભકત બોડાણુાનું વચન પાળવા પધાર્યા ડાકોર ગામ
સવાવાલની વાળીએ તોળાયા (૨) રાખ્યું ગંગાબાઇનું નામ
—રણુછોડરાય.

અનેક ભકતનાં કામ જ કીધાં કૃપા કરી કીરતાર
દાસ સનુની વિનતી સ્વિકારી (૨) ઉતારજો ભવપાર
—રણુછોડરાય.

ભજન ૫૫

જાકે કહીયો સમાચાર મીલને, સુદામાજી આયે સુદામાજી આયે
ફાટે તુટે રે કપડે હમારે હો કપડે હમારે
દીસે દુર્બળ હમારી કાય —મીલને.

મુઠી એક તાંદુલ લાયે ઓ તાંદુલ લાયે
લાયે લાયે બગલ છુપાય —મીલને.

હસી બોલ્યાં રાણી રૂક્ષમાણી ઓ રૂક્ષમાણી
કોણુ લાગે તમારા ભ્રાત —મીલને.

બાળપણુ કે મિત્ર હમારે ઓ મિત્ર હમારે
હમે ભણુતા એક નિશાળ —મીલને.

સુરદાસ ચરણુ બલિહારી ચરણુ બલિહારી
મેં તો જન્મો જન્મ તારો દામ —મીલને.

ભજન ૫૬

વ્રીજ વાસીરે વ્રીજ વાસી, મોરલીયો વાળો વ્રીજવાશી
બાંસલડી વાળો વ્રીજ વાશી, નંદાજીને લાલો વ્રીજવાશી
છેલ છોગાળો વ્રીજ વાશી, કાનુડો કાળો વ્રીજ વાશી
લાગે સૌથી રૂપાળો વ્રીજ વાશી —વ્રીજ વાશી રે.

મથુરાંમાં વ્હાલે જન્મ જ લીધો
ગોકુળમાં આવ્યા નાશી —મોરલીયો વાળો વ્રીજ વાશી.

માતા જશોદા આનંદ પામ્યાં
અખંડ પ્રગટયા અવિનાશી—મોરલીયો વાળો વ્રીજ વાશી,

મથુરાંમાં વ્હાલે મામાને માર્યો
ગોકુળમાં મારી માસી —મોરલીયો વાળો વ્રીજવાશી.

દ્વારકાંથી પ્રભુ ડાકોર પધાર્યા
ડાકોરને કીધું કાશી —મોરલીયો વાળો વ્રીજ વાશી.

બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ
જન્મો જન્મની હું દાસી—મોરલીયો વાળો વ્રીજ વાશી.

ભજન ૫૭

રથ ફેરો ગોકુળ રથવાળા
હાંરે રથ ફેરો ગોકુળ રથવાળા

વ્હાલા તમે નંદ જસોદાના લાલા
વ્હાલા પ્રભુ દીસો છો કામણુગારા —રથ ફેરો.

ગંગાજી તલપે ને યમુનાજી તલપે
તલપે નદીયો નાળાં રે —રથ ફેરો.

ગાયો રે તલપે ને વાછરડાં તલપે
તલપે છે ગોપ બીચારા રે —રથ ફેરો.
ચંદ્રમા તલપે ને સુરજ તલપે
તલપે છે નવલખ તારા રે —રથ ફેરો.
વલ્લભ વિયોગે ગોપીયો તલપે
તલપે છે પ્રાણ હમારા રે —રથ ફેરો.

ભજન ૫૮

આવ્યા શ્રી ગોકુળ તારવા છબીલો લાલ
આવ્યા શ્રી ગોકુળ તારવા
વાસુદેવ દેવકીને ઘેર જન્મ લીધો છે વ્હાલે
નંદજીની ગૌધેન ચારવા —છબીલો લાલ૰

માસી પુતનાના વાલે પ્રાણજ લીધા
મામા તે કંસને મારવા —છબીલો લાલ૰

ટચલી આંગળીએ વહાલે ગોવર્ધન તોળ્યો
ઇંદ્રનાં માન ઉતારવા —છબીલો લાલ૰

વંદ્રા તે વનની કુંજ ગલનમેં
ગોપીયોને રાસ રમાડવા —છબીલો લાલ૰

વલ્લભના સ્વામી પ્રભુ રસિક શીરોમણિ
ભૂમિનો ભાર ઉતારવા —છબીલો લાલ૦

ભજન ૫૯

વ્હાલે મોરલી વગાડી કંઈ તાનમાં જો
મારાં મન તો હર્યાં છે એની સાનમાં જો —વ્હાલે૦

ખાવા પીવાનું હમે સૌ ભુલી ગયા જો
ચરૂ કરવાની શુદ્ધિ તો નવ રહી જો —વ્હાલે૦

એવી ચટપટી લાગી મારા મનમાં જો
મારો વ્હાલો રમે છે વંદ્રાવનમાં જો —વ્હાલે૦

એવી આતુરતા પ્રગટી મારા અંગમાં જો
રાધા રાસ રમે છે હરિ સંગમાં જો —વ્હાલે૦

ફૂરે ફુંદડીને તાલી લે છે હીચમાં જો
મારો વ્હાલો રમે છે પેલી ગીચમાં જો —વ્હાલે૦

આવો આવો શું જાવ છો રીસમાં જો
પુરા પહોંચ્યા નથી પચવીસમાં જો —વ્હાલે૦

બ્રહ્મા ઇંદ્ર સૌ જોવાને આવીયા જો
સાથે નારદ મુનીને લાવીયા જો —વ્હાલે૦

ગુરૂ ગાયે ગેમલ બકે બેટીયા જો
મુને વળામાડા ભકિત તણા સાથીયા જો —વ્હાલે૦

ભજન ૬૦

જાવમા જાવમા જાવમા રે મારા વહાલા મથુરાંજી જાવમા
હાંરે નંદલાલા મથુરાંજી જાવમા
હાંરે વ્રીજ વ્હાલા મથુરાંજી જાવમા—જાવમા જાવમા

અકુરના રથ દેખી શ્યામા વિચારે
માયા મતમાં લોભાવમારે —મારા વ્હાલા

સોળસેં ગોપિયોનો સંગ તજીને
કુબ્જાના સંગી થાવમા રે —મારા વ્હાલા

ટળવળતા મેલીરે ત્રીકમજી
નાથ નમેરા થાવમા રે —મારા વ્હાલા

કહે મીઠો પુરૂષોત્તમ પ્રીતે
વીખડાં ઘોળી ઘોળી પીવમારે —મારા વ્હાલા

ભજન ૬૧

ઉમાકે કંથ મતવાલા ગલેમે રૂંઢકી માલા
ગલેમે રૂંઢકી માલા (૨) — ઉમાકે

કીધી નંદી પરે સ્વારી સંગમે પાર્વતી નારી
ગોદમાં શોભે ડુંઆળા ગલેમેં રૂંઢકી માલા—ઉમાકે

ચલે શંકર ત્રીપુરારી જટામે ગંગ હે ખ્યારી
કમંડળ હાથ મૃગછાલા ગલેમે રૂંઢકી માલા—ઉમાકે

ડમક ડમ ડીમરૂ બાજે તનક થેઇ થેઇ ધ્વની ગાજે
અગડ બંમ બંમ બજે તાલા ગલેમે રૂંઢકી માલા—ઉમાકે

ગિરી કૈલાસકે વાસી મીટાદે કાળકી ફાંસી
સમજ કર લાજ રખવાલા ગલેમેં રૂંઢકી માલા—ઉમાકે

ભજન ૬૨

કળિ ભારે પાતાળ ઉતારી, પૃથ્વી પોકારે
હો નાથ કહોજી, કોલ પ્રમાણે અવતરશો કયારે

મુકી માનવતની માઝા, પ્રજાના પ્રાણ ચુસે રાજા
કરી નિજ ખુન તણાં ખાજાં, કરિતન તંતુ તણાં વાજાં
માનવ ભક્ષિ ભૂત ભૂખ્યાં એ, સૃષ્ટિ સંહારે—હો નાથ૦

વહાવી ક્ષીર દધિના ઝરણાં, કરે પ્રહ્લાદ તણાં ભરણાં
તમે પણ નમલા નિજ ચરણાં, લઇએ દાંત વિષે તરણાં
યંત્ર દબાતી ધેનુ પુછી રહી, રડતી ચોધારે—હો નાથ૦

સ્થળે સ્થળ પાપ તણાં થાણાં, કદી નહી વાય રૂડાં વાણાં
નથી રૂતુઓના ઠેકાણાં, સુકાયાં નીર ખુટયા દાણા
જગજડવાદ તણો જંજાનીલ, જંબુદ્દિપ આરે--હો નાથ૦

પુરાણ કુરાન ન કોઇ વાંચે, અતિ પર ભાષા પર રાચે
નિરંકુશ સર્વ બની નાચે, જઇ સુરજક્ષ ગૃહે જાચે
પાપીના પોબાર પડે છે, હરિના જન હારે—હો નાથ૦

અમારા કાશી અને મક્કા, પરે પરદેશી તણા ડંકા
સીતાજી રાવણને લંકા, કરે પરદેશ વિષે પંખા
અભડાયે છે યજ્ઞ અમારા, દનુસુત સંચારે—હો નાથ૦

હિમાલયને સુરની સરીતા, સહે પરદેશ તણી સત્તા
ઇતર સ્થળ જે યાત્રા કેરાં, ભરે પરદેશી તણા વેરા
પૂર્વજને પાણી દેવું રહિ, કેને આધારે—હો નાથ૦

હિંચોળ્યા ને હરિતમ જેણે, રમાડયા અંક વિષે જેણે
ઉછાળ્યા વૃક્ષ સ્થળે જેણે, પીવાડયાં દુધ મીઠાં જેણે
નથી નિજ વેણુ વલોટયાં વલ્લભ; આપે કોઈ ઉધારે—હો નાથ૦

મીરાં શિર પર મહીપતિની પાળી, દુઃશાસન ઘેરી પંચાળી
નિભાડે બળતી મંઝારી, ગ્રહ્યા ગ્રાહે જેમ ગજ ઝાલી
તેમ પીડાયે માત તમારી, પરને પગ થારે—હો નાથ૦

નથી કોઇ દિન તણું આજે, પડેલા પર પગ દઈ ગાજે.
નહિ પરને પીડતાં લાજે: બીજાને જોઇ સુખી દાઝે;
સામ્ય સુધા માનસ રેલવવા; દુનિયાને દ્વારે —હો નાથ

હે શ્રદ્ધ સરલીલા કરવા; જને જન પ્રેમ પ્રભા ભરવા.
રે ઉર શાંતિ પાથરવા; મહા ઘન મોહ નિશા હરવા;
હ્મ જીવનના ભોર પ્રકટવા; ભ્રકૂટિ ટંકારે —હો નાથ

તામાં જે આપે ગાયું: વળી જે વાંસળીએ વાયું:
ને જે પ્રીય જનને પાયું; નથીએ અમથી વિસરાયું
ર બધા બધિ થઇ બેઠા; દશમુખ દરબારે —હો નાથ

ભુ જો વાર વધુ થાસે; મહાતલ મહિમા જાસે
નારાં વેણુ વગોવાશે; અસુરો હર્ષ નીરે ન્હાસે
ા છલના મંડાય મહાલય; ચોગમ સંસારે —હો નાથ

તે બહુવિધ તનુ ધાર્યાં; વિભુ જેમ બેદો ઉધાર્યાં
લ સાધુ જનને તાર્યાં; પ્રબલ દાનવ દલ સંહાર્યાં
વા તેમ તપસ્વી મહાતમા; મોહનની વ્હારે —હો નાથ

ભજન ૬૩

એક દિન એવો આવશે વીરા (૨) સહુના રૂદિયામાં સાલે રે વીરા
જે સહુના રૂદિયામાં સાલે રે વીરા એક દિન એવો આવશે
સગાં સગાં તમે શું કરો વીરા (૨) સગાં વળાવી પાછાં વળશેરે વીરા
—એક દિન૦
સગાં તે વન કેરાં લાકડાં વિરા (૨) તે આવી ભેગાં તુજ
બળશે રે વિરા—એક દિન૦
બેની વરામણ બારણે વિરા (૨) માતા ઝાંપેથી પાછી વળશેરે
વિરા—એક દિન૦
સોળ વરસની સુંદરી વિરા (૨) ઉભી ઉભી ટગમગ જોશે રે
વિરા—એક દિન૦
આરે કાયાનો ઘડ ઘેરીયો વિરા (૨) દસ દરવાજા દીધા રે
વિરા—એક દિન૦
આરે કાયામાં જ્યારે કાંઇ નવ દીઠું ત્યારે વિરા (૨)
ઉભી ઉભી ધ્રુસકે રોશે રે વિરા—એક દિન૦
એવું સમજી ભજ રામને વિરા (૨) તો ભવ પાર તરાશે રે
વિરા—એક દિન૦

ભજન ૬૪

જાગો તમે જાદવપતિ રાય, પળ એક બોલોને મહારાજ
સોઇ પળ રૂદીયાની માંહ્ય, હસીને હરિ બોલીયે હોજી
સોઇ પળ ઘુંઘટડા માંહ્ય, હસીને હરિ બોલીયે હોજી

તન મન સોંપી દઉં શરીર, વહાલાને જાઉં વારણે
મેં તો છોડી મારા કુળની લાજ, ગીરધારી તારે કારણે હોજી
—જાગો તમે૦

મેલી દેને આળને પંપાળ, સાહેબનો ડર રાખજે
જાવું મારે ધણીને દરબાર, પળ પળનાં લેખાં માગશે હોજી
—જાગો તમે૦

આપને સોંપ્યાંરે શરીર, ચરણોમેં શીશ મેં ધરૂં
જબ લગ જાગે દીનોનાથ, તબલગ સેવા મેં કરૂં હોજી
—જાગો તમે૦

નથી દીધાં કથીરોનાં દાન, કંચન કયાંથી પામીયે
હજુ લગી ના આવ્યાં વૈમાન, દીધેલાં હોય તો પામીએ
હોજી—જાગો તમે૦

તમે મોટા છો મહારાજ, અમ પર કરૂણા કિજીએ
એમ કરી બોલ્યાં મીરાંબાઇ, દાસીને દર્શન દીજીએ હોજી
—જાગો તમે૦

ભજન ૬૫

મારી હુંડી સ્વીકારો મહારાજરે શામળા ગીરધારી
મારી હુંડી શામળીયાને હાથરે—શામળા ગીરધારી
મારી હુંડી વાલીડાને હાથરે—શામળા ગીરધારી
મારી હુંડી કનૈયાને હાથરે—શામળા ગીરધારી
મારી હુંડી દાદાજીને હાથરે—શામળા ગીરધારી
મેં તો છોડી દુનીયાની દરકારરે—શામળા ગીરધારી
માથે ધાર્યો ધણી કીરતારરે—શામળા ગીરધારી
તમે ભકતોના પુર્યા છે કોડરે—શામળા ગીરધારી
તમે નામ ધર્યું રણછોડરે—શામળા ગીરધારી

રાણાજીએ રઢ કરી વળી મીરાં કેરે કાજ
ઝેરના પ્યાલા આરોગીયારે વાલો ઝેરના જારણુ હારરે
—શામળા ગીરધારી૦

સ્થંભ થકી પ્રભુ પ્રગટીયા વળી લીધાં નરસીંહ રૂપ
ભકત પ્રહલાદને ઉગારીયોરે વાલે માર્યો હીરણ્યાકષ્યપ ભુપરે
—શામળા ગીરધારી૦

નીભામાંથી ઉગારીયાં મંઝારી કેરાં બાળ
ટીટોડીનાં વાલે ઇંડાં ઉગાર્યાં હરી હેતે થયા રખવાળરે
—શામળા ગીરધારી૦

ગજને વાલે ઉગારીયો અને સુદામાની ભાગી ભુખ
દોહલા વેળાના મારા વાલમારે તમે ભકતોને આપ્યાં ઘણાં
સુખરે—શામળા ગીરધારી૦

પાંડવની પ્રતિજ્ઞા પાળી અને દ્રૌપદીનાં પુર્યાં ચીર
નરસીંહ મહેતાની હુંડી સ્વીકારજો તમે સુભદ્રા બેનના વીરરે
—શામળા ગીરધારી૦

તીરથવાસી ચારે જણાંને ને રૂપયા છે સો સાત
વહેલા પધારજો દ્વારકાંરે એમને ગોમતી નાહ્યાની ગણી
ખાંતરે—શામળા ગીરધારી

રહેવાને નથી ઝુંપડુને જમવાને નથી જુવાર
બેટો બેટી વરાવીયાંરે, મેં તો વરાવી ઘરકેરી નારરે
—શામળા ગીરધારી

નવસેં ઘર નાગરતણું તેમાં કાઢયો બહાર
નથી મારે નાતે નોતરૂરે મને નાતે કીધો તીરસ્કારરે
—શામળા ગીરધારી

ગરથ મારૂં ગોપીચંદન તુલસી હેમના હાર
સાચુ નાણું મારો શામળોરે મારી દોલતમાં ઝાંઝને પખાજરે
—શામળા ગીરધારી

તીરથવાસી સૌ ચાલીયા આવ્યા દ્વારકાં ગામ
આ ગામમાં એવું કોણ છેરે જેનું શામળશા શેઠ એવું
નામરે—શામળા ગીરધારી

નથી બ્રાહ્મણ નથી વાણીયો નથી ચારણ નથી ભાટ
લોક કરે છે ઠેકડીરે નથી શામળશા શેઠ એવું નામરે
—શામળા ગીરધારી

નીરાશ થઇને નીકળ્યા આવ્યા નગ્રની બહાર
વેષ લીધો વણીકનો ધર્યું શામળશા શેઠ એવું નામરે
—શામળા ગીરધારી

હુંડી લાવો હાથમાં આપું પુરા દામ
રૂપૈયા આપું રોકડારે મારૂં શામળશા શેઠ એવું નામરે
—શામળા ગીરધારી

હુંડી સ્વીકારી શામળે અરજે કીધાં કામ
મેતાજી ફરી લખજોરે મુજ વાણોતર સરખું કામરે
—શામળા ગીરધારી

થાળ ૬૬

આવે આવે લટકંતી વૃજ નારી કે; મેવા લાવે મીઠડારે લોલ
વ્હાલા મારા સંસારમાં એક સાર કે જેણે હરી દીઠડારે લોલ
વ્હાલા મારા ખારેક ખાંડ ખજુર કે સાકર સેરડીરે લોલ,
વ્હાલા મારા ઘેબર જલેબી પકવાન કે પીરસુ પ્રેમથીરે લોલ
વ્હાલા મલપતા મંદિરે પધારો કે, નિરખુ નેહથી રે લોલ.
વ્હાલા મારા ભક્ત તણે ઘેર જાવ કે શીતળ સ્વભાવનારે લોલ
વ્હાલા મારા તુલસીના પત્રે જમાડું કે ભૂખ્યા હરી ભાવનારે લોલ
વ્હાલા મારા જળ જમુનાની ઝારી કે આચમન લીજીએરે લોલ
વ્હાલા મારા લવીંગ સોપારી મુખવાસ કે પાનબીડાં લીજીએરે લોલ
મહેતા રામ કૃષ્ણ પ્રભુ રંક, પ્રસાદી દીજીએરે લોલ;
વ્હાલા મારા ભક્ત તણા પ્રતિપાળ કે, દર્શન દીજીએરે લોલ

ભજન ૬૭

મારા વ્હાલા નંદલાલા હું લાગું પાય મારા વ્હાલા શ્રીરણછોડરાયજીરે
મુખ જોઇ રહયો મોહી આનંદ ઉર ન સમાય—
મારા વ્હાલા શ્રીગોપાળલાલજીરે

ધન્ય ભાગ્ય ઘેર જાગ્ય તીરથ સૌ દેવ-
મારા વ્હાલા શ્રી રણછોડરાયજીરે

મારે ઉર જરૂર કરીને દેજો વાશ-
મારા વ્હાલા શ્રી ગોપાળ લાલજીરે

દાસ વીસા તણી વાણી મેં રૂદીયામાં જાણી-
તારો દાસ શ્રી રણછોડરાયજીરે

આરતી ૬૮

શ્રી હરિની આરતિ.

જય દેવ જય દેવ જય રાધારમણા—પ્રભુજય રાધારમણા,
જય ગોપીજન વલ્લભ (૨) દુઃખ સકલ શમના—
જય દેવ જય દેવ૦ ધ્રુવપદ ૧

જય જય કુંજબિહારી, જય ગોકુલરાયા પ્રભુ જય૦
વ્રજવિધુ રાસવિહારી (૨) નિજજન સુખદાયા. જય૦ ૧

જય વૃંદાવનવાસી જય જય ગિરિધારી પ્રભુ જય૦
ગોપીજનમનરંજન (૨) જય મુરલી ધારી. જય૦ ૨

જય જય દેવકીનંદન જય મથુરાધીશા પ્રભુ જય૦
નંદયશોદાનંદન (૨) જય જય જગદીશા. જય૦ ૩

જય જય કંસનિકંદન દાનવકુલદલના પ્રભુ૦
ભકતજન પ્રતિપાલક (૨) જયદુર્જન છલના જય૦ ૪

જયસુંદર શામળિયા પીતાંબરધારી પ્રભુ૦
મોરમુકુટ શિર શોભે (૨) અતિ મંગલકારી જય૦ ૫

કર્ણવિષે શુભ કુંડલ મકરાકૃતિ શોભે પ્રભુ૦
નાસાગ્રે મુકતાફળ (૨) જોતાં મન લોભે. જય૦ ૬

હૃદયે કૌસ્તુભ ઝળકે મણિમુકતામાળા પ્રભુ૦
બાંહે બાજુ બિરાજે (૨) અતિશય તેજાળા. જય૦ ૭

કટિયે કિંકિણિ રણકે નુપુર ચરણ વિષે પ્રભુ૦
મણિબંધે મણિ ભૂષણ (૨) અતિ સુંદર દીસે. જય૦ ૮

ભાલે તિલક વિશાળ શોભે મૃગમદનું પ્રભુ૦
વનમાળાપર ગુંજે (૨) ટોળું ષટપદનું. જય૦ ૯

હસિત વદન કરી ઉભા મુજ સામું જોઇ પ્રભુ૦
કૃપા કટાક્ષે દુઃખડાં (૨) સૌ નાંખ્યાં ખોઇ. જય૦ ૧૦
એવા હરિ નિરખી મેં લ્હાવો સર્વ લહ્યો પ્રભુ૦
પ્રપંચ આશા છુટી (૨) ભવભય ભસ્મ થયો. જય૦ ૧૧
હવે વિનંતી એટલિ શ્રી હરિ તવચ્ચરણે પ્રભુ૦
મુને નિરંતર રાખો (૨) દાસ કરી શરણે. જય૦ ૧૨
બાંહ્ય ગ્રહી તરછોડો તો નિજ બિરૂદ હારો પ્રભુ૦
જેવો ગણશો તેવો (૨) છું પણ ઉદ્ધારો. જય૦ ૧૩
એવી હરિની આરતી જે હેતે ગાશે પ્રભુ૦
હરિદાસ પ્રભુ તેને (૨) પ્રેમામૃત પાશે. જય૦ ૧૪
જયદેવ જયદેવ જયરાધારમણા પ્રભુ જય૦
જય ગોપીજન વલ્લભ (૨) દુઃખ સકલ શમના. જય૦ ૧૫

स्तुति ६९

श्रीरामचंद्रजीना ध्यानसह स्तुति

श्रीरामचंद्र कृपालु भज मन हरण भवभय दारुणं;
नवकंजलोचन कंजमुख करकंज पदकंजारुणं. १

कंदर्पअगणित अमित छबि नवनील नीरद सुन्दरं;
पटपीत मानहु तडित रुचि शुचि नौमि जनकसुतावरं. २

शिर किरिट कुण्डल तिलक चारु उदार अंग विभूषणं;
आजानुभुज शरचापधर संग्रामजित खर दूषणं ३

भज दीनबंधु दिनेश दानव दलन दुष्ट निकंदनं;
रघुनंद आनंदकंद कोसलचंद दशरथनंदनं. ४
इति वदति तुलसीदास शंकर शेष मुनि मन रंजनं;
मम हृदयकंज निवास कुरु कामादि खलदल गंजनं. ५

શ્રી હરિનામ ધ્વનિયો ૭૦

ધુન

બંસી બજાવે દિનો નાથ શ્રી રાધે રાધે
વૃંદા તે વન કેરી કુંજમાં શ્રી રાધે રાધે

ઝાંઝરના ઝણકાર શ્રી રાધે રાધે
નેપુરના ખખડાટ શ્રી રાધે રાધે
થઈ રહ્યા થેઇ થેઇકાર શ્રી રાધે રાધે

ધુન

રઘુપતિ રાઘવ રાજારામ પતિત પાવન સિતારામ
ગંગા તુળસી સાલીગ્રામ ભજલે પ્યારે સિતારામ
અહલ્યાના ઓદ્ધારણ રામ જાનકી જીવન સિતારામ

ધુન

રામા રામા ઘટઘટમાં વ્યાપિક રામા
ઘટમાં ચટમાં પટમાં રામ
અહલ્યાના ઓદ્ધારણ રામ
પતિત કેરા પાવન રામ
ફરશી ધારી ફરશુરામ
જાનકી જીવન સિતારામ —રામા રામા

ધુન

ગોપાળ રાધે કૃષ્ણ ગોવિંદા ગોવિંદા

હરિ હરિ ગોવિંદા ગોવિંદા
રાધે ગોવિંદા ગોવિંદા
જય જય ગોવિંદા ગોવિંદા
ભજ મન ગોવિંદા ગોવિંદા —ગોપાળરાધે

અચ્યુતમ ૭૧

અચ્યુતમ્ કેશવમ્ રામ નારાયણમ:
કૃષ્ણ દામોદરમ્ વાશુદેવં હરીમ:
શ્રીધરં માધવમ્ ગોપીકા વલ્લભમ:
જાનકી નાયકમ્ રામચંદ્રં ભજે.

હરે રામ હરે રામ રામ
હરે હરે

નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર
જય જય સીતારા...............મ



મનન કરવા યોગ

૧ સૌની સાથે હળીમળીને રહેવું સર્વને વહાલા લાગીયે તેમ વર્તવું.

૨ બોલવું વિચાર કરીને કે જેથી પસ્તાવું પડે નહિ.

૩ આપ ભલા તો જગ ભલા નમ્યા તે પ્રભુને ગમ્યા.

૪ કોઇની નિંદા કરવી નહિ. અવગુણ જોવા નહિ.

૫ સાચને આંચ નથી. કસોટીએ ચઢયા પછી ભવ તરાશે.

૬ આ વખત પણ વહી જશે તે ધ્યાનમાં રાખવું.

૭ સંતોષી નર સદા સુખી અસંતોષી સ્વર્ગે પણ દુઃખી

૮ મૂર્ખમાં ન ગણાઈએ તે ધ્યાનમાં રાખવું વિવેકી મૂર્ખ નથી.

૯ બેસીએ જોઇ તો ઉઠાડે ન કોઇ પોતાની આવડત પ્રમાણે સ્થાન લેવું.

૧૦ જક્કી બનવું નહિ પોતાનું ખરૂ પણ માર્યું જાય છે. ગમ ખાઇ વિવેકથી વાત કરવી.

૧૧ લાખ જતાં શાખ ન જવા દેવી શાખ રહે લાખ મળે છે.

૧૨ દરેકનો વિશ્વાસ મેળવવા પ્રયત્ન કરવો તિરસ્કાર ભરી દૃષ્ટિ સામા જવું તેના કરતાં મરવું સારૂ.

મોહનલાલ એમ. શાહ

સમાપ્ત

સેવા

હું કોણ ક્યાંથી આવિયો, શું કામ, ક્યાં જાવું હવે ?
આનંદસ્વરૂપને પૂછી લે કે જન્મ કેમ થયો અરે ?
ક્યાં હું અહીં આવ્યા હતા, ક્યાં શું બનાવ્યું સમજે ?
કરીએ ઘડી આ પ્રશ્નો નિત્યે અંતરમાં રહે. ૧

“ હું જ્ઞાનસ્વરૂપ આત્મા, ઉતરેલ સ્વર્ગેથી અહીં આવ,
“ અપૂર્વ આવી પુણ્ય પ્રભુની કૃપાથી વિશ્વમાં અહીં,
“ હું અહીં ઉતર્યો હતો, એ મુક્ત થવું મને. ”
નિશ્ચય આ, સૌ પ્રશ્નો એકાગ્રમાં અંતરમાં રહે. ૨

જન્મી અનેકરૂપ જગન્મય-પ્રભુ રૂપે—
કોઈ જળ, થળ, નભ, પૃથ્વી ને વનસ્પતિ આદિ બને;
એ સર્વ ચેતન વ્યક્તિઓથી ભરપૂર આ સંસાર છે,
તે મુક્તિ માટે સાધન થા, અનુપમ એવું ધામ છે

જન્મ કર્મે બંધાયા છે, સ્વાર્થ છે, શોષણ છે,
તેમાં પ્રત્યેક મનુષ્યો-પ્રભુરૂપો વ્યાપ્ત છે;
મન કે વચન, તન કે દ્રવ્યે, જન કે ધને તે અર્પીને,
અર્પીએ છે સ્વાર્થ ને નિઃસ્વાર્થ સેવા ભાવમાં. ૪

પ્રભુરૂપ માની જગતની સેવા કરવી, પ્રભુરૂપ જ્ઞાન ધારણા.
છે મુક્ત સાધન એક-સેવા કરીને પામવા;
સેવા કરે જન-મન-તને, નિર્મળ દ્રષ્ટિ રાખીને,
પ્રભુ આપશે સત્કર્મે તેમ ફળ કે ફળ પામશે. ૫